# <u>અમરોલીમાં ચપ્પુની અણીએ વેપારીને ઉપાડી જઇ લૂંટી લેનારા બે આરોપી ઝડપાયા.</u>

તા.૨૧/૦૨/૨૦૧૭.

સચીનમાં બગસરાની સામગ્રી વેચતા વેપારીને રીક્ષાચાલક આણી ટોળકી અમરોલીમાં લૂંટીને ફરાર થઇ ગઇ હતી. આ ગુનાનો ભેદ ગણત્રીના કલાકોમાં પોલીસે ઉકેલી નાંખી કોસાડ આવાસ પાસેથી બે આરોપીને પકડી લીધા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે સચીન ઉન પાટીયા ખાતે નવી નૂરી મસ્જીદ પાસે રહેતા મોહંમદ નઇમ વસીમ શેખ (ઉ.વ.૧૮. મુળ કાનપુર, યુપી.) બગસરાની ચીજવસ્તુઓ વેચે છે. ગત તા.૧૮મીએ રાત્રે તેઓ ઉન પાટીયા ખાતે જવા દિલ્હીગેટ સ્થિત મહાદેવના મંદિર પાસે ઉભા હતા ત્યારે એક રિક્ષા તેમના તરફ ધસી આવી હતી. રિક્ષા ચાલક સહિત ૨-૩ યુવકોએ જબરજસ્તી કરી મો.નઇમને રીક્ષામાં બેસાડી અમરોલી અવાવરૂ જગ્યાએ લઇ ગયા હતા. જયાં મો. નઇમના ગળા પર ચપ્પુ મુકી રૂપિયા ૬ હજાર અને મોબાઇલ લઇ નાસી છુટયા હતા. જે અંગે ફરીયાદ નોંધાતા જ અમરોલી પોલીસે તપાસ કરી હતી. દરમ્યાન સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મીઓ સાગર લીલાભાઇ અને પ્રતાપ વામનરાવને મળેલી બાતમીને આધારે અમરોલી પોલીસે કોસાડ આવાસ પાસે વોચ ગોઠવી રીક્ષાચાલક ગુલામ રસુલ ઉર્ફે આર.કે હુસેન પઠાણ (ઉ.વ.૨૨ રહે. જાડા બાવાનો ટેકરો, બેગમપુરા) અને ઇમરાન સત્તાર શેખ(ઉ.વ.૨૧ રહે. કોસાડ આવાસ) ને ઝડપી પાડી રિક્ષા કબજે કરી હતી. વસીમ નામના મિત્ર સાથે મળી તેઓએ આ લૂંટને અંજામ આપ્યો હતો. પોલીસે વસીમની શોધખોળ શરૂ કરી છે.